ગાંધીનગર સમાચાર

પેથાપુર પોસ્ટ ઓફીસ ખાતે ટપાલોના ખડકલા

# પાણીનું માટલુ ભરવાની ના પાડી દેતા મજુરની હત્યા

**તપોવન સંસ્કાર પીઠની હોસ્ટેલમાં બનેલી ઘટના : લોખંડનો સળીયો માથે ફટકારી દેતા મજુરનું હોસ્પીટલમાં મૃત્યુ : હત્યારાની ધરપકડ**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક અમીયાપુર ગામની સીમમાં સ્થિત તપોવન સંસ્કાર પીઠ સંચાલિત હોસ્ટેલમાં ગઈ કાલે રસોઈ બનાવતા બે મજુરો વચ્ચે પાણીનું માટલું ભરવા જવાની બાબતે માથાકુટ થઈ હતી. એક મજુરે બીજા મજુરને માથાના ભાગે લોખંડનો વજનદાર સળીયો (રોડ) ફટકારી દેતા ગંભીર હાલતમાં ચાંદખેડાની ખાનગી હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લઈ જવાયો હતો. ઘાયલ મજુરનું મોડી સાંજે સારવાર દરમિયાન હોસ્પિટલમાં જ મૃત્યુ થઈ દેતા અડાલજ પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી અને હત્યારાની ધરપકડ કરી લીધી છે.

મળતી માહિતી મુજબ અમીયાપુર ગામમાં તપોવન સંસ્કાર પીઠ શાળા અને હોસ્ટેલનું સંચાલન કરે છે. આ હોસ્ટેલમાં રસોઈ બનાવતા મજુરો જીતેન્દ્ર રાજપુત અને અજય ચોરસીયા વચ્ચે ગઈ કાલે સામાન્ય બાબતે બોલાચાલી થઈ હતી. જીતેન્દ્ર રાજપુતે અજય ચોરસીયાને હોસ્ટેલના ગેટ પાસે મકવામાં આવતું પાણીનું માટલું ભરવાનું કહ્યું અને અજયે માટલું ભરવાની ના પાડી દેતા જીતેન્દ્રને ગુસ્સો આવી ગયો અને બોલાચાલી થતા સાઈડમાં પડેલા લોખંડના સળીયાને ઉઠાવીને જીતેન્દ્ર એ અજયના માથે ફટકારી દીધો હતો. ગંભીર હાલતમાં અજયને સંચાલકો ચાંદખેડાની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે લઈ ગયા હતા. જો કે હાલત વધુ ગંભીર જણાતા તેને અમદાવાદ સિવિલ હોસ્પિટલ લઈ જવાયો હતો. જો કે મોડી સાંજે હોસ્પિટલમાં તેનું પ્રાણ પંખેરું ઉડી ગયું હતું. અડાલજ પોલીસ મથકના પીએસઆઈ સરવૈયાએ હત્યાનો ગુનો નોંધી હત્યારા જીતેન્દ્રની ધરપકડ કરી લઈ રિમાન્ડ મેળવવા તજવીજ શરૂ કરી છે.

## @ગાંધીનગર

● સમર્પણ પરિવાર દ્વારા સવારે ૬.૪૫ થી ૮.૦૦ કલાક દરમિયાન પંચદેવ મંદિર, સે-૨૨ ખાતે વિના મૂલ્યે ધ્યાન શિબિર યોજાશે.

● ત્રિદલ સંસ્થા દ્વારા રવિવારના રોજ સાંજે ૫.૦૦ કલાકે નમન એપાર્ટમેન્ટ સેકટર-૨૧ ખાતો વિશ્વ રંગ ભૂમિ દિવસની ઉજવણી કરવામાં આવશે.

● ગાંધી મિત્ર વર્તુળ દ્વારા રવિવારના રોજ સાંજે ૪.૩૦ કલાકે અમૃતભાઈ ત્રિવેદીના નિવાસસ્થાન ૬૨૯, વાસ્તુનિર્માણ સોસાયટી, સેકટર-૨૨ ખાતે માસિક બેઠક મળશે.

● નારાયણી હાઈટસ ખાતે રવિવારના રોજ સાંજે ૬.૩૦ કલાકે હાસ્ય કલાકાર શાહબુદીન રાઠોડ સાથે હરપાલસિંહ ઝાલા દ્વારા ગુજરાતી હાસ્યનો વરઘોડો કાર્યક્રમ યોજાશે.

## મધર ટચ સ્કૂલનો વાર્ષિકોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના ટાઉનહોલ ખાતે આજે બપોરના સમયે શહેરની જાણીતી મધર ટચ પ્રિ સ્કૂલના વાર્ષિકોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. શહેર અને ચિલોડા ખાતે આવેલ શાળામાં અભ્યાસ કરતા અંદાજીત ૧૩૫ જેટલા બાળકોએ ૧૫ થી વધુ કૃતિઓ રજુ કરી હતી. ફિલ્મી ગીત સંગીતના તાલે ઝુમતા બાળકોને જોઈ હાજર સૌ કોઈ આનંદથી હરખાઈ ઉઠ્યા હતા. જયારે બાળકોની અવનવી કૃતિઓ નીહાળીને ટાઉનહોલમાં હાજર વાલીઓએ તમામને તાળીઓથી વધાવી લીધા હતા. આ પ્રસંગે ઉપસ્થિત મહેમાનોના હસ્તે બાળકોને મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાની બહેનો દ્વારા કરવામાં આવ્યું હતું.

# શહેરની મેડિકલ કોલેજમાં યુથ ફેસ્ટિવલ યોજાયો

**રીવેરા-૨૦૧૬નું સંપૂર્ણ આયોજન તબીબી વિદ્યાર્થીઓ દ્વારા કરાયું : સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત ફેશન શૉ યોજાયો**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરના સિવિલ હોસ્પિટલ કોમ્પસમાં આવેલ મેડિકલ કોલેજ ખાતે તા. ૨૧ અને ૨૨ માર્ચ દરમિયાન યુથ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતું. આ યુથ ફેસ્ટિવલમાં કોલેજના તબીબી વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં મેડિકલ કોલેજના ફેકલ્ટીઝે ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.





રીવેરા-૨૦૧૬ના નામથી આયોજિત કરાયેલ આ યુથ ફેસ્ટિવલનું સંપૂર્ણ આયોજન કોલેજના તબીબી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. મેડિકલ કોલેજમાં દર માર્ચ માસમાં નવા વર્ષના પ્રથમ સત્રનો પ્રારંભ થતો હોય છે. વિદ્યાર્થીઓ દ્વારા યુથ ફેસ્ટિવલનું આયોજન એવી રીતે કરવામાં આવ્યું હતું કે જેમાં નવા સત્રમાં પ્રવેશ મેળવેલા વિદ્યાર્થીઓ પણ કાર્યક્રમનો લાભ લઈ શકે. વિદ્યાર્થીઓએ કાર્યક્રમમાં વિવિધ સાંસ્કૃતિક સ્પર્ધાઓ જેવી કે અંતાક્ષરી, નાટક, ગીત-સંગીત, અભિનય વગેરે ઉપરાંત પર્સનાલિટી ટેસ્ટ વગેરેનું પણ આયોજન કર્યું હતું. આ ઉપરાંત વિદ્યાર્થીઓએ ફેશન શૉ પણ યોજયો હતો જેમાં તેમણે કોલેજના અધ્યાપકોને પણ સહભાગી બનાવ્યા હતા. કાર્યક્રમમાં યોજેલ તમામ સ્પર્ધાઓ માટે તેમણે અધ્યાપકોને નિર્ણાયક તરીકેની જવાબદારી સોંપી તટસ્થ પરીણામની વ્યવસ્થા ગોઠવી હતી. આ ઉપરાંત કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા છેલ્લા એક સપ્તાહમાં યોજાયેલ ચેસ સહિતની રમતોની સ્પર્ધાના વિજેતાઓને આ કાર્યક્રમમાં સન્માન્યા હતા. તમામ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામો આપી સન્માનવામાં આવ્યા હતાં.

અત્રે ઉલ્લેખનીય છે કે શહેરમાં લગભગ દરેક પ્રવાહની કોલેજોમાં વાર્ષિકોત્સવ તથા યુથ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવતું હોય છે. હવે ગાંધીનગરની જીએમઈઆરએસ મેડિકલ કોલેજમાં પણ વિદ્યાર્થીઓ દ્વારા યુથ ફેસ્ટિવલનું આયોજન કરવામાં આવ્યું હતુ. યુથ ફેસ્ટિવલમાં મેડિકલ કોલેજના અધ્યાપકો ડૉ. નિલેશ ઠાકોર, ડૉ. પ્રણવ જાદવ, ડૉ. ચિરંજીવ, ડૉ. રોનક વગેરેએ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

# આજે સે-૩૦માં ઓમ શાંતિ આરોગ્ય કેન્દ્ર ખાતે નિ:શુલ્ક રોગ નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૨૬

ઓમ શાંતિ આરોગ્ય કેન્દ્ર દ્વારા તા. ૨૭મી માર્ચને રવિવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન 'શિવ શકિત', સેકટર-૩૦, પ્લોટ નં. ૨૮, સર્વોદયનગર ખાતે વિના મૂલ્યે નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં શિરોધારા, નસ્ય, જાનુબસ્તી, કરી બસ્તી, માલીશ, સ્ટીમ, માટીપટી અને એનીમા સહિતની સારવાર આપવામાં આવશે.

ઓમ શાંતિ આરોગ્ય કેન્દ્ર એ ઓમ શાંતિ સમાજ સેવાનો એક ભાગ છે. જે છેલ્લા બે વર્ષથી નેચરોપેથી-પંચકર્મનું રાહતદરે સારવાર આપતું કેન્દ્ર છે. જેમાં કુદરતી ઉપચાર દ્વારા પૃથ્વીના પાંચ તત્વો પૃથ્વી-જળ-અગ્નિ-આકાશ-વાયુથી માનવ શરીર બનેલું છે. આ પાંચ તત્વોનો ઉપયોગ કરીને શરીરને સ્વસ્થ અને નિરોગી કરવામાં આવે છે.

નેચરોપેથી, યોગ-પંચ કર્મ સારવાર કેન્દ્ર દ્વારા શરીરનું શોધન કરી રોગ પ્રતિકારક ક્ષમતા વધે, બિમાર વ્યકિત બિમારી દુર કરવા અને બિમાર ન હોય તેવા સ્વસ્થ વ્યકિત સ્વાસ્થ્યને જાળવી રાખવા આ ચિકીત્સા લઈ શકે છે. આડ અસર રહિત દવા મુકત સારવાર પધ્ધતિ છે. આ સારવાર દર રવિવારે કેમ્પ દરમિયાન કરવામાં આવશે. જેનો લાભ લેવા આરોગ્ય કેન્દ્રના પ્રમુખ ટી.ડી. પટેલે જણાવ્યું છે. હોમિયોપેથીક ડૉ. એન.જે.મેઘાણી રાજકોટ દ્વારા સંશોધન પામેલ અચુક પરિણામ આપતી દવા રોગને જડમૂળથી નાબુદ કરવા અને લોકોના સ્વાસ્થ્ય દિન માટે દર મહિનાના બીજા તથા ચોથા ગુરુવારે કન્સલ્ટીંગ ચાર્જ લીધા વગર ગાંધીનગર ખાતે મળશે. તેમજ આ અંગેની વધુ માહિતી માટે ડૉ. દિના ખરસાણીનો સંપર્ક સાધવાનો રહેશે.

## વાતવાતમાં

● શહેરમાં એકાએક વાતાવરણમાં પલટો આવતા ગાજવીજ સાથે વરસાદી માહોલ છવાઈ ગયો હતો. મહાશિવરાત્રી પછી ઉનાળાની ગરમી જોઈ સ્વેટર્સ-ટોપી માળિયે ચઢાવી દેનાર નગરજનો હવે તેને પાછા ઉતારવા કે રેઈનકોટ છત્રી કાઢવા તેની અસમંજસમાં મુકાયા છે.

● શહેરના ઘ-૧ થી સીટી પલ્સ થીએટર સુધીના વિસ્તારમાં વરસાદના હલવા ઝાપટાની અસર વર્તાઈ હતી. તેજ પવન સાથે વરસેલા આ ઝાપટામાં સરગાસણ ચાર રસ્તા નજીક સિધ્ધરાજ ઝોલ્ડ પાસે એક લીમડાના વૃક્ષનું મોટું ડાળુ તુટી પડયું હતું.

● શહેરમાં કેટલીક શાળાઓમાં પરીક્ષાઓનો પ્રારંભ થઈ ગયો છે. સોમવારથી લગભગ તમામ ધોરણના વિદ્યાર્થીઓની પરીક્ષાઓ પણ પ્રારંભ થઈ જશે.

● ગાંધીનગર સીટી વાઈફાઈ બની રહ્યું છે તે માટે ટેસ્ટીંગ ચાલુ છે. કેટલાક હરખપદૂડા નેટીઝન્સ તો મોબાઈલમાં વાઈફાઈ પકડાતા જ વ્હોટસએપ ચાલુ કરી દેવા માંડયા છે.

● ગાંધીનગરમાં મહાનગર પાલિકાની ચુંટણીઓના પગરવના પ્રતાપે કોર્પોરેટર્સ સક્રીય બની ગયા છે. રાતોરાત જુના સ્ટોકમાં પડેલા બાંકડા અને સોલાર લાઈટસના થાંભલા લગાડી તેનો જશ ખાટવા સેકટરોમાં દોડવા લાગ્યા છે.

● માર્ચ માસના અંતિમ શનિવારે નગરમાં એક પણ મૃત્યુ નોંધાયું નથી. લાગે છે ચોથો શનિવાર જોઈ યમરાજાએ પણ એક રજા પાડી બ્રેક લેવાનું વિચાર્યું હશે.

## આજે સે-૨૩ ખાતે ટેકવોન્ડો ટુર્નામેન્ટ યોજાશે

ગાંધીનગર, તા.૨૬

સેકટર-૨૩ સ્થિત લગ્નવાડી ખાતેતા. ૨૭મી માર્ચને રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે ગુજરાત સ્ટેટ ૪ ટેકવોન્ડો ચેમ્પિયનશીપ ૨૦૧૬નું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લેશે. આ ચેમ્પિનયશીપ ૨૦૧૬નું આયોજન ગ્રાન્ડ માસ્ટર પ્રકાશ શંભવાણી, ટેક. ડાયરેકટર જતીન દવે, જયદીપ વાઘેલા દ્વારા કરાયું છે.

# નવરાત્રીમાં ગરબા બંધ કરાવવાની જુની અદાવતમાં સે-૨૧માં મારામારી

**બોરીજ ગામના પાંચ શખ્સોએ બે યુવાનોને બેઝબોલના ધોકા અને પાઈપ વડે ફટકાર્યા : બંને યુવાનો હોસ્પિટલમાં દાખલ**

ગાંધીનગર, તા.૨૬

બોરીજ ગામના પાંચ યુવાનોએ મળીને આજે બપોરના અરસામાં ગામના જ બે યુવાનોને સેકટર-૨૧ ચંદન એન્ટરપ્રાઈઝ સામે જુની અદાવતમાં ઢોર માર માર્યો હતો. નવરાત્રીના ગરબા બંધ કરાવવાની એક વર્ષ જુની અદાવતને લઈ હુમલો કરવામાં આવ્યો હોવાનું ચોપડે નોંધાયું છે. ઘાયલ બંને યુવાનોને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જો કે મોડી સાંજ સુધી ગુનો દાખલ થયો ન હતો. સે-૨૧ પોલીસ હોસ્પિટલમાં નિવેદનો લેવા પહોંચી હતી.

બોરીજ ગામના ડાભી વાસમાં રહેતા ૨૦ વર્ષીય રવિરાજ કાન્તિલાલ નાયી અને ગૌસંગસિંહ દિલીપસિંહ ડાભી આજે બપોરે સે-૨૧ ચંદન એન્ટરપ્રાઈઝ સામે ઓમકારેશ્વર પાન પાર્લર નજીક ઉભા હતા તે દરમિયાન બોરીજ ગામના જ પાંચ શખ્સો વિપુલ લલ્લુ રબારી, વિમલ લલ્લુ રબારી, અજય મહાદેવ રબારી, વિજય મહાદેવ રબારી અને રોનક રબારી ત્યાં આવી પહોંચ્યા હતા અને બેઝબોલના ધોકા અને લોખંડની પાઈપ વડે બંને યુવાનો પર હુમલો કરી ઢોર માર માર્યો હતો. રવિરાજ અને ગૌરાંગસિંહને ઘાયલ હાલતમાં કાન્તિલાલ નાયી ખાનગી વાહનમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. સાંજે વધુ સારવાર માટે અન્ય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના નવરાત્રી ખાતે ગરબા બંધ કરાવવાની જુની અદાવતમાં બની હોવાનું હોસ્પિટલના પોલીસ ચોપડે નોંધાવા પામ્યું છે. સે-૨૧ પોલીસે ગુનો દાખલ કરવા તજવીજ શરુ કરી છે.



શ્રી મુકતજીવન સ્વામીબાપા સ્મૃતિ મંદિર વિશ્વ શાંતિ કેન્દ્ર રજત મહોત્સવ અંતર્ગત શ્રી સ્વામિનારાયણ ગાદી સંસ્થાન શ્રી સ્વામિનારાયણ મંદિર માઉન્ટ આબુનો રજત મહોત્સવનો પ્રારંભ આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી સ્વામીજી મહારાજ તથા કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી હરિભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યો હતો. સંસ્થાન દ્વારા પચીસ હજારનો ચેક પાલિકાને સ્વચ્છ ભારત અભિયાન માટે અર્પણ કરાયો હતો તેમજ આર્ય સમાજના બ્રહ્મકુમારોને કપાસનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે દિલિપભાઈ પંડયા, સુરેશભાઈ ડીંગર, અર્ચનાબેન દવે ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય ગૃહ રાજયમંત્રીએ સંસ્થાનની રચનાત્મક પ્રવૃત્તિઓને અને આચાર્ય સ્વામીજી મહારાજે માનવસેવા અભિયાનની પ્રવૃત્તિને બિરદાવી હતી.

# સોનારડા ગામમાં ખુલ્લે આમ જુગાર રમતા ચાર ઝડપાયા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર નજીક સ્થિત સોનારડા ગામમાં ખુલ્લેઆમ જુગાર રમાઈ રહ્યો હોવાની બાતમીને આધારે ડભોડા પોલીસે દરોડો પાડીને ચાર શકુનીઓને જુગાર રમતા રંગે હાથ પકડી પાડયા હતાં. પોલીસે રૂ. ૧૨૯૦ના રોકડ મુદ્દામાલ સાથે ચારેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



ડભોડા પીએસઆઈ એન.એમ. ચૌધરી તથા તેમની ટીમે આજે બાતમીના આધારે સોનારડા ગામની સીમમાં ખુલ્લેઆમ રમાઈ રહેલા જુગારના અડ્ડા પર દરોડો પાડયો હતો. દરોડો પાડીને સોનારડા ગામના નદીવાળા વાસમાં રહેતા અરજણ બેચર ઠાકોર, મહેશ જેહા ઠાકોર, રાયસંગ રામા ઠાકોર અને માલા અમર ઠાકોર મળીને ચાર જુગારીઓને જુગાર રમતા રંગે હાથ ઝડપી પાડવામાં આવ્યા હતા. ચારેય શખ્સોની રોકડ રૂ. ૧૨૯૦ના મુદ્દામાલ સાથે ધરપકડ કરી ડભોડા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# પેથાપુર પોસ્ટ ઓફીસ ખાતે ટપાલોના ખડકલા

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેર નજીક આવેલા પેથાપુર ગામની પોસ્ટ ઓફિસની હાલત કફોડી બનવા પામી છે. પેથાપુરની પોસ્ટ ઓફીસ ખાતે ટપાલોના ઢગ ખડકાયેલા જોવા મળે છે. પેથાપુરમાં ટપાલ સમયસર ના મળતા ગ્રામજનોમાં આક્રોશ ફેલાયો છે. છેલ્લા એક વર્ષથી ગામમાં પોસ્ટમેનની જગ્યા ખાલી છે પોસ્ટમેન ના હોવાથી આ પરિસ્થિતિ ઉભી થવા પામી હોવાનું ગામ લોકો કહી રહ્યા છે. ગામમાં ટપાલસેવાની કથળતી સ્થિતિ અંગે તાજેતરમાં જ પોસ્ટ ઓફિસ ખાતે ગામ લોકોએ હલ્લાબોલ કર્યુ હતું. પેથાપુર પોસ્ટ ઓફીસ દ્વારા હંગામી બે માણસો રાખીને ટપાલ વિતરણની વ્યવસ્થા કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરથી માત્ર પાંચ કિલો મીટરના અંતરે આવેલ પેથાપુર ગામ આવેલું છે. અંદાજીત ૧૫૦૦૦ થી વધુ વસ્તી ધરાવતા ગામમાં પોસ્ટ ઓફીસ આવેલી છે. પેથાપુરમાં વર્ષોથી ટપાલ વ્યવસ્થા યોગ્ય હતી પરંતુ છેલ્લા એક વર્ષથી પોસ્ટ ઓફીસનું કામ ખોરંભે ચડ્યુ છે. ગામમાં પોસ્ટ મેન તરીકે ફરજ બજાવતા કર્મચારીને બઢતી મળતા અન્યત્ર સ્થળે બદલી થવા પામી હતી. ત્યારથી ગામમાં ટપાલસેવાનું કામ ખોરંભે ચડ્યું છે. ગામ લોકોને સમયસર ટપાલ ન મળતા કોઈના સારા નરસા પ્રસંગમાં હાજરી આપી શકતા ના હોવાથી ગ્રામજનોમાં રોષ ફાટી નીકળ્યો છે. ગામની પોસ્ટ ઓફીસમાં ટપાલનો ભરાવો થતા અત્યારે હાલ ટપાલ તેમજ પાર્સલના ઢગ જોવા મળે છે. ત્યારે કામ ચલાઉ વ્યવસ્થા જાળવવા પોસ્ટ વિભાગ દ્વારા ગામના બે યુવાનોને હંગામી ધોરણે ફરજ પર રાખવામાં આવ્યા છે. જયારે તાજેતરમાં ટપાલ સેવાને લઈ પેથાપુરના રહીશો દ્વારા પોસ્ટ ઓફીસ ખાતે હલ્લાબોલ કર્યુ હતું. આ અંગે પોસ્ટ ઓફીસના પોસ્ટ માસ્તર સાથે વાત કરતા જણાવ્યું હતું કે અત્યારે હાલ પોસ્ટ વિભાગમાં જુદી જુદી જગ્યાઓ માટેની ભરતી પ્રક્રિયા માટે અરજી મંગાવાઈ રહી છે. ટુંક સમયમાં ગાંધીનગર ડિવિઝનમાં ૨૦૦ જેટલા કર્મચારીઓની પોસ્ટ વિભાગમાં ભરતી પ્રક્રિયા હાથ ધરાશે જેને પગલે પેથાપુર પોસ્ટ ઓફીસને પણ કર્મચારી ફાળવવામાં આવશે. જેને પગલે પેથાપુર ગામની ટપાલ વ્યવસ્થા ફરીવાર વેગવંતી બનશે. અત્યારે હાલ જે ટપાલનો ભરાવો થવા પામ્યો છે અને પોસ્ટ ઓફીસમાં ટપાલોના ખડકલા જોવા મળે છે તેનો ટુંક સમયમાં તેનો નીવેડો લાવવામાં આવશે તેમજ ગામમાં રાબેતા મુજબ ટપાલ સેવા કાર્યરત બની રહે તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે.

# શહેરમાં ઉનાળુ ફળોનું આગમન

**તરબૂચ, શક્કરટેટી, દ્રાક્ષ, દાડમ, સંતરા, નારંગી, ફાલ્સા વગરેનું આગમન : શેરડી તથા લીંબુના રસની માંગ યથાવત : શહેરીજનોમાં 'લાઈવ જયુસ'નો મહિમા વધ્યો**

ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી વાતાવરણમાં થોડો ફેરફાર જણાય છે. જો કે આ ફેરફાર છતાં નગરમાં ઉનાળાનું વિધિવત આગમન થઈ ચુકયું છે તે સ્પષ્ટ જણાય છે. ઉનાળાના પગલે શહેરમાં ઠંડક આપતા વિવિધ ફળો જેવા કે તરબૂચ, શકકરટેટી, દ્રાક્ષ, શેરડી, દાડમ, જામફળ, સફરજન, સંતરા-નારંગી, લીંબુ તથા ફાલસા વગેરેનું આગમન થઈ ચુકયું છે. એટલું જ નહી પરંતુ શહેરમાં ફાગણ માસમાં જ કેરીનો રસ પણ મળવા લાગ્યો છે. નગરજનો આકરી ગરમીમાં વિવિધ તાજા ફળના જયુસ અને આઈસ્કીમ-ઠંડા પીણા તથા બરફના ગોળાના શરણે જવા લાગ્યા છે. શહેરમાં ફળોના 'લાઈવ જયુસ'નો મહિમા વધુ જોવા મળી રહ્યો છે.







(તસવીર : કશ્યપ નિમાવત)

શહેરમાં આશ્ચર્યજનક રીતે કેરીનો તાજો રસ પણ મળવા લાગ્યો છે. વિવિધ ફ્રુટ જયુસના કેન્દ્રો પર આ રસ ઉપલબ્ધ બન્યો છે. જેનો નગરજનો આસ્વાદ માણી રહ્યાં છે. આ સાથે તરબૂચ, શકકરટેટી જેવા ફળો નગરજનોના ઘરોમાં સ્થાન મેળવી રહ્યાં છે. નગરમાં અનેક ઠેકાણે સંતરા-નારંગી, દાડમ, જામફળ, ફાલ્સા વગેરેના તાજા લાઈવ જયુસ પણ મળી રહ્યા છે. આ સાથે શેરડીના રસના કોલા પણ ઠેર ઠેર જોવા મળી રહ્યાં છે. જેના દ્વારા નગરજનો ગરમીમાં ઠંડક પ્રાપ્ત કરવા સાથે તેનો આસ્વાદ પણ માણી રહ્યાં છે.

ઉનાળાના પ્રારંભથી જ ગરમીનું પ્રમાણ એકાએક વધુ જોવા મળ્યું હતું. જો કે બે દિવસથી બદલાયેલા વાતાવરણે પારો થોડો નીચો જરૂર કર્યો છે પરંતુ નગરજનોને એક વાત ચોકકસપણે સમજાઈ ચુકી છે કે શહેરમાં ઉનાળાનો વિધિવત પ્રારંભ થવા પામ્યો છે. ઉનાળામાં બરફના ગોળા અને શરબત એ સૌના પ્રિય હોય છે જે ઠંડક સાથે અનેરી લિજ્જત પણ આપે છે. નગરમાં રાત્રિના સમયે નગરજનો વાળુ પતાવ્યા બાદ બરફના ગોળાની લારીઓ, શેરડીના રસના કોલા, આઈસ્કીમ પાર્લરો તથા જયુસ શરબત સેન્ટરો પર ભીડ જમાવે છે. જો કે આ બધામાં લીંબુ શરબત એ આજે પણ હંમેશની માફક શહેરીજનોમાં હોટ ફેવરીટ રહેતું જણાય છે.